ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરના આઉટસોર્સ મહેકમની મુદ્દત લંબાવવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/GVV/e-file/17/2023/2234/A
સચિવાલય, ગાંધીનગર.
તા. ઈ-સાઈન મુજબ

**વંચાણે લીધાં:**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા: ૧૩/૦૬/૨૦૨૫ નો ઠરાવ ક્રમાંક: SJED/GVV/e-file/17/2023/2234/A
(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા:૧૯/૧૧/૨૦૨૫ નો પત્ર ક્રમાંક: DDCW/MIS/e-file/225/2024/0547/Administrative

**આમુખ:**

આ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) પરના ઠરાવથી ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરના આઉટસોર્સ મહેકમની કુલ ૦૪(ચાર) જગ્યાઓને તા.૩૦/૦૪/૨૦૨૬ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ હતી. જેની મુદત પૂર્ણ થનાર હોઇ, વંચાણે લીધેલ ક્રમાંક (૨) હેઠળના પત્રથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરના આઉટસોર્સ મહેકમની સદરહુ કુલ ૦૪(ચાર) જગ્યાઓને તા.૦૧/૦૫/૨૦૨૬ થી વધુ ૧૧ માસ માટે ચાલુ રાખવા દરખાસ્ત કરવામાં આવેલ. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

સક્ષમ કક્ષાએ થયેલ પુખ્ત વિચારણાને અંતે, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરના આઉટસોર્સ મહેકમની નીચે મુજબની કુલ ૦૪(ચાર) જગ્યાઓને આ ઠરાવમાં દર્શાવ્યા મુજબની શરતોને આધીન તા.૦૧/૦૫/૨૦૨૬ થી વધુ ૧૧ માસ એટલે કે તા.૩૧/૦૩/૨૦૨૭ સુધી GEM પોર્ટલ પર માન્ય એજન્સી મારફતે મેળવવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

**આઉટસોર્સ જગ્યાઓ:**

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | ડ્રાઈવર | ૦૧ |
| ૨ | સફાઈ કામદાર | ૦૧ |
| ૩ | પટાવાળા | ૦૨ |
| | કુલ | ૦૪(ચાર) |

**શરતો:-**

(૧) આઉટ સોર્સથી સેવા મંજુરી મુજબના સમયગાળા પુરતી જ મેળવવાની રહેશે. તેનાથી વધુ સમય માટે આ સેવા નાણા વિભાગની પૂર્વમંજુરી સિવાય, મંજુરીની અપેક્ષાએ કે પશ્ચાદવર્તી અસરથી મંજુરી મેળવવાની અપેક્ષાએ કોઇપણ સંજોગોમાં ચાલુ રાખી શકાશે નહી.

(૨) આઉટ સોર્સથી સેવા લેવા અંગે મંજુરી મળ્યા બાદ GEM portal પર માન્ય આઉટસોર્સીંગ એજન્સી મારફત સેવાઓ લેવા અંગેની નિયત કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(૩) આઉટ સોર્સની જગ્યાઓની સેવાઓની મંજુરીની મુદત પૂર્ણ થયેથી તાત્કાલિક અસરથી સેવાઓ સમાપ્ત કરવાની રહેશે. ત્યાર બાદ જરૂર જણાયે નાણા વિભાગની પૂર્વ મંજુરી મેળવ્યા બાદ નિયત કાર્ય પદ્ધતિને અનુસરીને નવેસરથી સેવાઓ મેળવવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(૪) ડ્રાઈવર અને વર્ગ-૪ ની સેવાઓ સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૦ ના ઠરાવની જોગવાઈ મુજબ મંજૂર થયેલ બજેટ જોગવાઈની મર્યાદામાં આઉટસોર્સીંગથી કરાવવાની રહેશે.

(૫) નિયામકશ્રી(વિ.જા.ક) દ્વારા રાજ્ય સરકારની પ્રવર્તમાન આઉટ્સોર્સની નીતિનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. લઘુત્તમ વેતન ધારા, ઈપીએફ, ટીડીએસ , સર્વીસ ટેક્ષ , GST, સર્વિસ ચાર્જ અન્ય ચુકવણા અને કપાત સહિત લાગુ પડતા અધિનિયમો/કાયદાઓની જોગવાઇ મુજબ કાર્યવાહી હાથ ધરી, સેવાઓ મેળવવાની રહેશે. વેતન અને સેવાઓ અંગે કોઇ કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે જોવાની જવાબદારી નિયામકશ્રી(વિ.જા.ક)ની રહેશે.

(૬) માન્ય આઉટસોર્સ એજન્સી નિયમિત મહેનતાણુ નિયત થયા મુજબ પુરેપુરું ચુકવે તે અંગે નિયામકશ્રી(વિ.જા.ક) દ્વારા યોગ્ય મોનીટરીંગ વ્યવસ્થા ગોઠવવાની રહેશે તેમજ એજન્સી આ બાબતે ક્ષતિ કરે તો તેના પર યોગ્ય પગલા લેવાની જવાબદારી નિયામકશ્રી(વિ.જા.ક)ની રહેશે.

(૭) મહેનતાણાના દરો કેંદ્રીય યોજના હેઠળ નિયત થયેલ હોય કે સેવા સંબંધિત વિભાગના પરામર્શમાં નિયત કરી તેના આધારો સાથે નાણા વિભાગની પૂર્વ મંજુરી મેળવી ચુકવવાના રહેશે. તેમજ નાણા વિભાગની પૂર્વ મંજુરી સિવાય મહેંનતાણાના દરોમાં કોઇ વધારો કરવાનો રહેશે નહી.

(૮) આઉટ સોર્સથી સેવા મેળવવાની હોય તો તેના માટે નિયમિત જગ્યા અંગેની કોઈ શરતો લાગુ પડશે નહિ.

(૯) આઉટસોર્સ જો કોઈ કેન્દ્ર સહાયિત યોજના હેઠળ લેવાની થતી હોય તો તે અંગેનો ખર્ચ જે તે યોજના હેઠળ મેળવીને જ કરવાનો રહેશે. રાજ્ય સરકારના ફંડમાંથી ખર્ચ ઉધારવાનો રહેશે નહિ.

(૧૦) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૧૧) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૧૨) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૧૩) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૪) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૫) સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

(૧૬) આ જગ્યાઓ વખતો-વખત ચાલુ રાખવાની થાય તો જગ્યાની મુદત પુરી થતાં પહેલાના ૪ (ચાર) માસ અગાઉ નિગમે મુદત લંબાવવાની દરખાસ્ત નિયામકશ્રી (વિ.જા.ક) મારફતે રજૂ કરવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૩૦/૦૧/૨૦૨૬ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

e-Sd/-
(રવિ જોટાણીયા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, બ્લોક નં-૧૯/૨, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર (ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર મારફત)
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ- વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવાની વિનંતી સહ...

- શાખા સિલેક્ટ ફાઈલ.

Signature Not Verified

Signed by:Ravi B Jotania
Section Officer InCharge
Date:2026.02.04
15:07:23 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign